હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ આમતો હું નથી કરતો પરંતુ મોદીજીએ બહુ કીધુ એટલે કાલે યોગા કર્યા...તેના કારણે આ હાથનો વિકાસ થઇ ગયો હશે...!!

રૂપાલ ગામેથી ૧૧ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર રૂપાલ ગામે રામજી મંદિરની બાજુમાં આવેલી વાડીની નજીક ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા ૧૧ શકુનીઓને પેથાપુર પોલીસે રૂ.૫૫,૪૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે રૂપાલ ગામ ખાતે પહોંચતા જ સાથે રહેલા ભદ્રેશસિંહ ઘનશ્યામસિંહને જુગાર અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે રામજી મંદિરની બાજુમાં આવેલી વાડીની નજીક ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળુ વળીને બાજી માંડીને બેઠેલા ૧૧ શકુનીઓને કોર્ડન કરી તમામ ને ઝડપી પાડ્યા હતા. જો કે અચાનક પોલીસને જોઈ ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે પકડેલા જુગારીઓમાં કલોલના ગોલથરા ગામના કનુજી કાળાજી ઠાકોર, રૂપાલ ભગવાનનગર ખાતે રહેતા દર્શન વિષ્ણુ પટેલ , ગોલથરા ગામનો મોહબતજી બળદેવજી ઠાકોર, રૂપાલ બંકા સ્ટેડીયમ નજીક રહેતા દિનેશ શવાજી ઠાકોર, રૂપાલના મહેન્દ્ર આત્મારામ પટેલ, રૂપાલ મોટા માઢના નિતિન અમૃત પટેલ, કૌશિક બાબુલાલ સુથાર મોટો માઢ રૂપાલ, મુકેશ ચિમનભાઈ પટેલ મોટો માઢ રૂપાલ, યોગેશ વિષ્ણુ પટેલ મોટો માઢ રૂપાલ,અંકિત અરવિંદ પટેલ મોટો માઢ રૂપાલ ગામનો સમાવેશ થાય છે.જયારે પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રોકડા રૂ. ૫૧,૫૯૦ તેમજ દાવ પરથી રૂ.૩૮૫૦ મળી કુલ રૂ.૫૫,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગઈકાલે સામુહિક બદલીના ચીપાયેલા ગંજીફા પછી આજે પંચાયતમાં પેંડા ઉત્સવ ઉજવાયો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.
- જિલ્લા કલેક્ટર ઓફિસમાં શૌચાલયોની સફાઈની અનિયમિતતાને પગલે હવે કેટલીક શાખાઓમાં આખો દિવસ ગુગળ, ચંદનની અગરબત્તીઓ થતી જોવા મળી હતી. જેથી વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે સભ્યોની અવર-જવર પણ ઘટવા પામી છે. વિકાસના સૂચવાયેલા કામો મંજૂરીમાં અટવાયા હોવાથી સભ્યોમાં નારાજગી વધી રહી છે.
- જિલ્લામાં ખંડીય વૃષ્ટિ થઈ રહી હોવાથી જિલ્લાના ખેડૂતો ચિંતામાં ગરકાવ થયા છે.
- ગાંધીનગર શહેરમાં ગઈકાલે હળવો વરસાદ પણ બે ભાગમાં થયો હોવાથી નગરજનોમાં ભારે આશ્ચર્યની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.
- મનપાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામીએ આજે તેમનો જન્મદિવસ અત્યંત સાદાઈથી મનાવ્યો હતો. ઓફિસમાં કર્મચારીઓએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી કેક કાપી હતી.
- ગાંધીનગર શહેરમાં હજુ સુધી ૩૮ ટકા જેટલા મિલ્કતધારકોએ એડવાન્સ મિલ્કતવેરો ભર્યો છે.
- ગાંધીનગર મનપામાં જી-સ્વાનનું સર્વર ધીમુ ચાલતુ હોવાની ફરિયાદ કરાતાં જી-સ્વાનની ટેકનીકલ ટીમે મનપાની મુલાકાત લીધી હતી.
- ભાજપ દ્વારા આજે શ્યામાપ્રસાદ મુખરજીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવનાર છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જાંબુના વૃક્ષ હોવાથી જાંબુ પવનમાં પડતાં ગંદકી વધી રહી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લાના પ્રશ્નો અંગે હવે પ્રભારી મંત્રી અને રાજ્ય ગૃહમંત્રીએ મુદ્દો હાથ પર લીધો છે.
- જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ડૉ. ગૌત્તમ નાયક અને આર.સી.એચ.ઓ. તરીકે ડૉ. એ. વૈષ્ણવ એ આજે વિધિવત્ રીતે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

સેક્ટર-૧૦ ખાતે જી.એસ.આઈ. ઓફિસ ખાતે યોગ શિબિર



ગાંધીનગર, તા. ૨૨

૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગાંધીનગર સેક્ટર-૧૦ ખાતે જી.એસ.આઈ. ઓફિસ ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પેરાલીગલ વોલન્ટીયર ક્રિષ્નાબા વાઘેલા તથા મહેન્દ્રભાઈ મિસ્ત્રી યોગ શિક્ષક અને ઓફિસ સ્ટાફ તથા ઉચ્ચકક્ષાના અધિકારીઓ સાથે ટીમની ઉપસ્થિતિમાં યોગ દિવસની ભવ્ય ઉજવણીમાં ૭૦ લાભાર્થી મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ બે કલાક યોગ પ્રાણાયામ ધ્યાન, યમ, ધ્યાન પ્રત્યાહાર કસરત આસનો વગેરે આર્ટ ઓફ લિવિંગ યોગ ટ્રેનર કૃષ્ણાબા વાઘેલા તથા મહેન્દ્રભાઈ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ રસપૂર્વક તાલીમબદ્ધ સુંદર આયોજન દ્વારા ઉજવણી કરી હતી.

શહેરના બગીચાઓનું નવીનીકરણ થયુ છે તેમાંય ઘ-૪ ના સ્વર્ણિમ ગાર્ડનમાં તો સમયાંતરે નીત નવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવાતા અહીં શહેરીજનોની ભારે ભીડ જામે છે. ખાસ કરીને ઉનાળામાં તો વહેલી સવારે અને સાંજે અહીં વોકીંગ અને જોગીંગ કરાવાવાળાઓની ભીડ જામે છે. સ્વર્ણિમ ગાર્ડનની અંદર બનાવાયેલો જોગીંગ ટ્રેક ખૂબ અત્યાધુનિક છે. ઘડીભર તો એવુ લાગે કે જાણે વિદેશના કોઈ બગીચામાં ફરી રહ્યા હોઈએ.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા સરીતા ઉદ્યાન ખાતે યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

વિશ્વ યોગ દિન નિમિત્તે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ ગાંધીનગરમાં કાર્યરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી તાલુકા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના સુપ્રિટેન્ડન્ટ હિરલબેન અચાચીના માર્ગદર્શન હેઠળ વિશ્વયોગ દિન નિમિત્તે તા. ૨૧મી જૂનના રોજ ગાંધીનગર સરીતા ઉદ્યાન ખાતે યોગચાર્ય ડૉ. નિધિ લેકીનવાલા તથા ગાંધીનગર ટેકવો એસોસિએશનના મિલાપ ટાટરિયાના મદદથી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેનલ એડવોકેટ વી.એસ. વાઘેલા તથા અન્ય યોગ ઉત્સાહી ભાઈઓ-બહેનો તથા બાળકો ઉત્સાહભેર યોગમાં જોડાયા હતા.

શિહોલી મોટી ગામે યોગ દિવસની શાનદાર ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે ૨૧મી જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં શાળાના બાળકોએ સ્કૂલ યુનિફોર્મમાં યોગ ટ્રેનર દ્વારા યોગ દિવસની ઉજવણીમાં ગામના સરપંચ સહિત અસંખ્ય ગ્રામજનો-આગેવાનોએ યોગક્રિયામાં ધ્યાન, યમ, પ્રાણાયામ, આસનો, કસરતો કરી યોગ કરો નિરોગી બનોના સૂત્રને સાર્થક કરવા યોગમાં જોડાયા હતાં. સિનિયર સિટીજનોએ ઉત્સાહપૂર્વક યોગ કરવામાં રસ દાખવ્યો હતો.

ભાટ એપોલો સર્કલ નજીક કાર પલ્ટી જતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ભાટ એપોલો સર્કલ નજીક ટોયોટા કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડીને પલ્ટી ખાઈ જતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનુ કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના સરદારનગર ખાતે રહેતા ૩૨ વર્ષિય રોહિત રાયે અડાલજ નોંધાવેલી ફરીયાદ મુજબ પાંચ વર્ષ અગાઉ તેણે પ્રેમ લગ્ન કર્યા છે.જેનો કુંટુબી ૩૫ વર્ષિય સાળો સુનીલ મુલચંદાણી સરદારનગરના સમરથનગર માં તેની વિધવા માતાની સાથે રહેતો હતો. પરિવારમાં મા-દિકરા બે જ હતા. જયારે સુનિલ કાપડની દલાલીનુ કામ કરતા હતા.જે ગઈકાલે મધરાતે પોતાની ટોયોટા કાર પુરઝડપે લઈને ભાટ એપોલો સર્કલ તરફ પસાર થઈ રહ્યો હતો. તે સમયે જર્મન પેલેસ હોટલ પાસે અચાનક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી ને પલ્ટી મારી ગઈ હતી. અકસ્માતને પગલે રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. ૧૦૮ ને જાણ કરતા તાત્કાલીક આવી પહોંચી હતી. પરંતુ કાર ચાલકનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. બનાવની જાણ થતા પરિવારજનો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.જયારે માતાએ વ્હાલસોયો પુત્ર ગુમાવતા તેમના હૈયાફાટ રૂદનને પગલે વાતાવરણ ગમગીન બની ગયુ હતું. જયારે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા રાવળવાસમાંથી ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

એસઓજી પોલીસે રૂ.૧૪,૫૨૦ ની કિંમતનો ૧.૪૫૨ ગ્રામ ગાંજો ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા પોલીસ મથક વિસ્તારમાંથી એસઓજી પોલીસે ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. એસઓજીએ રૂ.૧૪,૫૨૦ ની કિંમતનો ૧ કિલો ૪૫૨ ગ્રામ ગાંજા સાથે ચિલોડા ગામના રાવળવાસ ખાતે રહેતા આધેડને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ એસ.એસ.પવારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કયા સ્થળો પર માદક પદાર્થનું વેચાણ થાય છે તે દિશામાં કાર્યરત હતા. એસઓજીની ટીમ ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી. તે દરમિયાન સાથે રહેલા પોલીસને બાતમી મળી હતી કે ચિલોડા ગામમાં રાવળ વાસ, બહુચરાજી મંદિરની બાજુમાં એક શખ્સ નશીલા પદાર્થ ગાંજાનો વેપાર કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડી આરોપી ડાહ્યાભાઈ રામાભાઈ રાવળ (ઉં.૫૫, રહે. ચિલોડા રાવળવાસ ગાંધીનગર) ના મકાનમાંથી ગેરકાયદેસર રાખેલો ગાંજાનો જથ્થો કુલ વજન ૧ કિલો ૪૫૨

ગ્રામ અને કિં.રૂ.૧૪,૫૨૦ ના મુદ્દામાલ તેમજ ઈલેક્ટ્રીક વજનકાંટો કિં.૧૦૦૦ તેમજ મોબાઈલ ફોન કિં.૫ હજાર અને પેંકીગ માટેની પ્લાસ્ટીકની જીપવાળી કોથળીઓ પકડી પાડી છે. જયારે એસઓજી પોલીસે એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર, ભાટ અને ઝુંડાલ ખાતે ત્રણ ફાયર સ્ટેશન ઉભા કરાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર-અમદાવાદ ટવીનસીટી તરીકે રોકેટગતિએ વિકસી રહ્યું છે. ત્યારે શહેરની નજીકના વિસ્તારને મહાનગર પાલિકામાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે. પરંતુ વસ્તી, વ્યાપ અને વિસ્તાર વધતા આગના બનાવ સમયે ઝડપી પહોંચવા માટે ગાંધીનગરના ભાટ, પેથાપુર અને ઝુંડાલમાં નવિન ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. અંદાજીત ૬ થી ૭ હજાર સ્કવેર મીટર જગ્યામાં કરોડો રૂપીયાના ખર્ચે અદ્યતન હાઈટેક સાધનો સાથે સ્ટાફ કવાટર્સ પણ ઉભા કરવામાં આવશે. ફાયર સ્ટેશન બનાવવા માટે જમીનની ફાળવણી કરી દેવાઈ છે. જયારે ફાયરના વાહનો તેમજ સાધનો પણ અંદાજીત રૂ.૫૪ કરોડના ખર્ચે નવીન ખરીદવામાં આવનાર છે. ત્યારે ફાયરમેનની પણ ભરતી કરવામાં આવનાર છે.

હોટલ-ઢાબા પરથી કર્મચારીઓના મોબાઈલ ચોરી કરતા સાળા-બનેવી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

હોટલ તેમજ ઢાબાઓ ઉપર રાત્રી દરમિયાન સુઈ રહેલા કર્મચારીઓના મોબાઈલ ફોનની ચોરી કરનાર સાળા-બનેવીને રીલાયન્સ ચોકડી પાસેથી એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રૂ.૧૫ હજારના ૮ નંગ મોબાઈલ અને રૂ.૩૫ હજારનું બાઈક મળી કુલ રૂ.૫૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ એલસીબીએ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ લતીફખાન મહેમુદખાન તેમજ કોન્સ્ટેબલ રાજવીરસિંહને સયુકત બાતમી મળી હતી કે રીલાયન્સ ચોકડી પાસે બે શખ્સો મોબાઈલ ફોન વેચવા માટે ફરે છે જે શંકાસ્પદ છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી બે શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે નામ પુછતા જીતેન્દ્ર ઉર્ફે જીતેન ગંગારામ સલાટ (રહે.કાળી ગામ જાંબુચોક સાબરમતિ), અર્જુન પુનમ મારવાડી (સલાટ) (રહે-કાળીગામ જાંબુચોક સાબરમતિ), ને હોન્ડા સીડી-૧૧- ડ્રીમ બાઈક નં. જી.જે.૧૮.ડી.ડી.૫૬૧૦ સાથે પકડી પાડ્યા હતા. જયારે પોલીસે બંન્નેની અંગજડતી લેતા વિવિધ કંપનીના ૮ મોબાઈલ ફોન મળી આવ્યા હતા.જયારે બંન્નેની ઉંડાણપૂર્વક તપાસ કરતા સાળા બનેવી હોવાનુ સામે આવ્યું છે. જયારે મોબાઈલ અંગે આધાર પુરાવા માંગતા યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. જેથી પોલીસે બંને યુવકોને વિશ્વાસમાં લઈ પુછપરછ કરતા જીતેન્દ્ર સલાટે જણાવ્યું કે પોતે તેમજ તેનો સાળો અર્જુન મારવાડી કયારેક કયારેક બાઈક લઈ વહેલી સવારે નીકળતા હતા. જયારે રોડ ઉપરના ઢાબા પર સુઈ રહેલા વેઈટરો તેમજ હોટલના કર્મચારીઓના મોબાઈલ ફોનની ચોરી કરી લઈ સસ્તામાં વેચી દેતા હતા. પોતાની પાસેથી મળી આવેલા ફોન ઢાબાઓ પરથી

ચોરી કરેલા હોવાનું જણાવ્યું હતું. પોલીસે બે શખ્સો પાસેથી મોબાઈલ ફોન નંગ-૮ કિં. ૧૫ હજાર તેમજ બાઈક રૂ.૩૫ હજાર મળી કુલ રૂ.૫૦ હજાર નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે આ બંન્ને સાળા બનેવીની જોડી સાંતેજ ખાતે પણ ચોરીના ત્રણ ગુનામાં પકડાયેલી છે.

સેકટર-૨ માં ઘરમાં ઘુસી આવેલા શખ્સની માથામાં પાઈપ મારી યુવકે ઢીમ ઢાળી દીધુ

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૨ એ માં ગતરોજ વહેલી સવારે ઘરમાં ઘુસી ગયેલા અજાણ્યા શખ્સ સાથે ઝપાઝપી કર્યા બાદ ઘરમાં રહેતા યુવાને માથાના ભાગે પાઈપનો ફટકો મારતા ઈજાગ્રસ્ત શખ્સનું મૃત્યુ થયું હતું. સમગ્ર બનાવ અંગે સેકટર-૭ પોલીસે હત્યાનો ગુનો નોંધી મૃતક શખ્સની ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સવારના સમયે એક શખ્સને મૃત હાલતમાં લાવવામાં આવ્યો હતો.જેથી સેકટર-૭ પોલીસ સિવિલ ખાતે પહોંચી હતી. જયાં તપાસ કરતા મૃતક શખ્સના માથાના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા હતા. આ શખ્સનો મૃતદેહ સેકટર-૨ એ પ્લોટ નં.૭૧-૨ ની બહારથી મળી આવ્યો હતો. જેથી પોલીસની ટીમ સેકટર-૨ ખાતે ગઈ હતી. ત્યાં જઈને તપાસ કરતા આ મકાન જહાનવીંદે કિન્નરનુ હોવાનુ બહાર આવ્યું હતું. જયારે આ અંગે વધુ પુછપરછ કરતા કહ્યું હતુ કે તેની સાથે રહેતા નિખિલ ધર્મેન્દ્ર રાજ સવારે ઉઠ્યો હતો.ત્યારે ઘર પાસે એક વ્યકિત આવી ગયો હતો. તેને કેમ આવ્યો છે તેમ પુછતા તેણે કંઈ જવાબ આપ્યો ન હતો અને તેની સાથે ઝપાઝપી થયા બાદ માથાના ભાગે પાઈપ મારી હતી. ત્યારબાદ સાડા આઠ વાગ્યા સુધી શખ્સ ઘરની બહાર બેઠો હતો અને ત્યારબાદ મૃત્યુ પામ્યો હતો.જેથી પોલીસે નિખિલ રાજ સામે હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે .જયારે બીજીતરફ પોલીસે મૃતક યુવકના વાલીવારસોની શોધખોળ આદરી છે.

સંકુલ સાદરામાં વિશ્વ યોગ દિવસ પુસ્તક પ્રદર્શન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા આઠમો વિશ્વયોગ દિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં યોગના પુસ્તકો જેવા કે પ્રાણાયામ, રાજયોગ વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૩૦ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના સૌ વિદ્યાર્થી, અધ્યાપક અને સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે અને કિશન પંચાલ, જતિન સોલંકી અને મયુર રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

નિવિદા ૭ સને ૨૦૨૨-૨૩
ઓનલાઈન / ફીઝીકલ
(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)
ગુજરાત સરકાર
(વિજળીકરણ કામના તેમજ અનુભવી ઠેકેદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર દ્વારા વિજળીકરણના ૧ થી ૯ કામો જેની અંદાજીત કિંમત રૂ ૪૪,૩૭૪.૦૦ થી ૨૯૮૬૩૭.૦૦ની વચ્ચે છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો તેમજ જે તે કામના અનુભવી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ પૈકી ક્રમાંક ૧ થી ૩ના કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧/૭/૨૦૨૨ (સમય ૧૬.૦૦) કલાક સુધી છે. તથા ભરેલ ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૮/૭/૨૦૨૨ કચેરી સમય સુધી છે. ક્રમાંક : ૪ થી ૯ની ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૩/૭/૨૦૨૨ ને સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી/૬૯૪/૨૨-૨૩

ઈ-ટેન્ડર જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)
વર્ષ-૨૦૨૨-૨૦૨૩
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૨૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટે.નં.	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૨૭/૨૦૨૨-૨૩	Supplying, Repairin, Maintaining of Dosing System and Supplying of sodium Hypo Chloride solution grade-1 (Chlorine Liquid) 40 to 60 GPL of water works under GMC.	રૂ. ૨૪૦૦.૦૦	રૂ. ૮૧,૫૧૩.૦૦

ટેન્ડર ફોર્મ તા. ૨૩/૬/૨૦૨૨ થી તા. ૨૯/૬/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરના નામે તા. ૩૦/૬/૨૦૨૨ થી ૪/૭/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર બીડ ઓપનીંગ તા. ૫/૭/૨૦૨૨ના રોજ સમય ૧૭-૩૦ કલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૨૩/૬/૨૦૨૨
માહિતી/૬૮૧/૨૨-૨૩

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ